Jaihind
Edition: Rajkot Date: 09.06.11 Page No.: 11

# Doctors' team successfully performs the first living donor liver transplantation at Sterling Hospital

### સ્ટર્લિંગ હોસ્પિટલ, હવે એલડીએલટીનું ઓપરેશન કરતાં દેશના જૂજ કેન્દ્રોમાનું એક

## સ્ટર્લિંગ હોસ્પિટલની ડોક્ટરર્સ ટીમ દ્વારા જીવીત દાતાનાં લીવરની મદદથી સફળ લીવર ટ્રાન્સપ્લાન્ટ હાથ ધરવામાં આવ્યું

અમદાવાદ : તા. ૮

સતત ૧૪ કલાકની ભારે જહેમત પછી, ગુજરાતની કોર્પોરેટ હોસ્પિટલ્સમાં અગ્રેસર એવી સ્ટર્લિંગ હોસ્પિટલ, અમદાવાદની ડોક્ટર્સ ટીમ દ્વારા તાજેતરમાં એક જીવિત વ્યક્તિના લીવરની મદદથી, લીવર સીરોસીસથી પિડાતા વ્યક્તિમાં સફળ લીવર ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું. આણંદના ૫૨ વર્ષની ઉંમરના જનરલ પ્રેક્ટીશનર ડો. કનુભાઇ ગોહીલ અને તેમના સંબંધી શ્રી પરમાર ઉપર, આ ઓપરેશન ડો. એ.એસ.સોઇન, ડો. હિતેષ ચાવડા, ડો. રવિ મોહન્કા અને તેમની ટીમ દ્વારા હાથ ધરવામાં આવ્યું છે. ગુરગાંવના મેડીસીટી-ઇન્સ્ટીટ્યુટ ઓફ લીવર ટ્રાન્સપ્લાન્ટેશન એન્ડ રિજનરેટીવ મેડીસીનના ચીફ ઓફ લીવર ટ્રાન્સપ્લાન્ટ એન્ડ હીપેટોબીલીઅરી સર્જન ડો. એ. એસ. સોઇન અને તેમની ટીમ ભારતમાં લીવર ટ્રાન્સપ્લાન્ટેશનનો સૌથી વધુ અનુભવ ધરાવે છે.

અમદાવાદના કન્સલ્ટન્ટ-હીપેટોબીલીઅરી સર્જન તથા લીવર ટ્રાન્સપ્લાન્ટ પ્રોગ્રામના ડિવિઝન ચીફ ડો. હિતેષ ચાવડાએ જણાવ્યું હતું કે, 'ગયા મહિને ડો. કનુભાઇએ પેટની તકલીફ, અશક્તિ અને કમળાની ફરીયાદ સાથે હોસ્પિટલનો સંપર્ક કર્યો હતો. તબીબી તપાસમાં જણાયું હતું કે તેમને ૨૦ વર્ષ અગાઉ કોઇ રક્તદાતા તરફથી તેમને હેપીટાઇટીસસીનો ચેપ લાગ્યો હતો અને તેને કારણે લીવર સિરોસીસ થયું હતું. તેઓ ટર્મિનલ લીવર ફેઇલ્યોરના છેલ્લા તબક્કાનો ભોગ બન્યા હતા અન લીવર ટ્રાન્સપ્લાન્ટેશન કર્યા વગર થોડાક સમાહથી વધી જીવી શકે તેમ ન હતા. આથી અમે તેમને મૃત વ્યકિતનું લીવર ટ્રાન્સપ્લાન્ટ નહીં કરવા માટે સલાહ આપી હતી, કારણ કે આવા કિસ્સાઓમાં દર્દીના બ્લડ ગ્રુપ અને પ્રતિક્ષા યાદીના નંબરને આધારે લીવર મેળવવા માટે ૧ થી ૧૨ મહિના રાહ જોવી પડે છે. આથી તમારી સમક્ષ તેમની ઉપર એલડીએલટી(લીવીંગ ડોનર લીવર ટ્રાન્સપ્લાન્ટેશન) કરવાનો એક માત્ર વિકલ્પ હતો. તેમના સાળા શ્રી પૂજન પરમાર, ડો. ગોહિલની મદદે આવ્યા. તેમનું બ્લડ ગ્રુપ મેચ થતું હોવાથી તેમણે તેમના લીવરનો એક હિસ્સો દાનમાં આપવાની ઇચ્છા દર્શાવી.'